પોલીસ કમિશ્નરની કચેરી, અમદાવાદ શહેર.
શાહીબાગ,અમદાવાદ
વિશેષ શાખા, કચેરી ટેલીફોન નં-૦૭૯૨૫૬૩૩૪૦૦.

ક્રમાંક: વિ.શા./જાહેરનામું/એ-સેકશન/પરમીટ/ ૨૦/૨૦૨૦

## -:જાહેરનામું :-

**ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ ના નં.૨) ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ નંબર :**

વંચાણે લીધા:-

(૧) ગૃહ મંત્રાલય ભારત સરકારના હુકમ નંબર: 40-3/2020-DM-I(A) તા.૦૧/૦૫/૨૦૨૦ ના હુકમ આધારે.

(૨) ગુજરાત સરકાર, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના ક્રમાંક: જીજી/૨૪/૨૦૨૦/વિ-૧/કઅવ/ ૧૦૨૦૨૦/૪૮૨, તા.03/૦૫/૨૦૨૦ ના હુકમ આધારે.

રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન ઓથોરિટી (એન.ડી.એમ.એ.) ના દિશાનિર્દેશ અનુસાર દેશના તમામ ભાગોમાં COVID-19 ના ફેલાવાને રોકવા આપત્તિ વ્યવસ્થાપન અધિનિયમ, 2005 અંતર્ગત લોકડાઉન અંગેના માર્ગદર્શિકા તા.24/03/2020 ના સમાનાંકિત હુકમ દ્વારા તા.25/03/2020 થી 21 દિવસના સમયગાળા માટે જારી કરવામાં આવી હતી. એન.ડી.એમ.એ.ના વધુ નિર્દેશો હેઠળ, લોકડાઉનનો સમયગાળો તા.14/04/2020 ના સમાનાંકિત હુકમ દ્વારા તા.03/05/2020 સુધી વધારવામાં આવેલ હતો.

હાલમાં વિશ્વમાં નોવેલ કોરોના વાયરસ **COVID-19** ને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવેલ છે. **ડિઝાસ્ટર મેનેજમેન્ટ એકટ, ૨૦૦૫** તેમજ **ધી એપેડેમિક ડીસીઝ એકટ, ૧૮૯૭** અંતર્ગત સરકારશ્રી દ્વારા સમયાંતરે ઉપરોકત જાહેરનામાઓ બહાર પાડવામાં આવેલ છે, પ્રવર્તમાન સંજોગોમાં સમગ્ર દેશમાં **COVID-19** રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન ઓથોરિટી (એન.ડી.એમ.એ.) ના નિર્દેશો મુજબ કેન્દ્રીય ગૃહ મંત્રાલયના હુકમ ક્રમાંક : 40-3/2020-DM-I(A) તા.૦૧/૦૫/૨૦૨૦ ના પત્રથી સમગ્ર દેશમાં લોકડાઉનની અવધિ તા.૦૪/૦૫/૨૦૨૦ થી વધુ બે સપ્તાહ એટલે કે તા.૧૭/૦૫/૨૦૨૦ સુધી લંબાવવામાં આવેલ છે. જેને અનુલક્ષીને ગૃહ વિભાગ ગુજરાત રાજય દ્વારા તા.03/૦૫/૨૦૨૦ ના હુકમ ક્રમાંક: જીજી/૨૪/૨૦૨૦/વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/ ૪૮૨, તા.03/૦૫/૨૦૨૦ ના આધારે જાહેરનામું બહાર પાડવામાં આવેલ છે.

અમદાવાદ શહેરમાં નોવેલ કોરોના વાયરસ **COVID-19** ના પોઝીટીવ કેસોમાં ખુબ મોટા પ્રમાણમાં વધારો નોંધાયેલ છે.અને **COVID-19** ના સંક્રમણની ગંભીર પરિસ્થીતિને ધ્યાને લેતાં લોકોના સ્વાસ્થ્ય અને સુરક્ષા હેતુસર તકેદારીના પગલાં રૂપે તથા અમદાવાદ શહેરની ભૌગોલિક પરિસ્થીતિને લક્ષમાં રાખીને, કેટલીક ગતિવિધીઓ ઉપર પ્રતિબંધ ફરમાવવાની (લોક ડાઉન) જરૂર જણાય છે.

વાસ્તે, હું આશીષ ભાટિયા,પોલીસ કમિશનર, અમદાવાદ શહેર,ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા.૦૮/૧૧/૧૯૮૨ના નોટીફીકેશન નં.જીજી/૪૨૨/સીઆરસી/૧૦૮૨/એમ તથા ગૃહ વિભાગના તા.૦૭/૦૧/૧૯૮૯ ના સંકલીત જાહેરનામાં નં.જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ અન્વયે મને મળેલ સત્તાની



Scanned by CamScanner

રૂએ ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને-૧૯૭૩ (૧૯૭૪ના નં.૨) ની કલમ-૧૪૪ મુજબ તા.૦૪/૦૫/૨૦૨૦ ના કલાક ૦૦:૦૦ વાગ્યાથી તા.૧૭/૦૫/૨૦૨૦ ના કલાક ૨૪:૦૦ વાગ્યા સુધી જાહેરનામું પ્રસિધ્ધ કરી નીચે દર્શાવેલ કૃત્યો પર પ્રતિબંધ ફરમાવું છું:

-:હુકમ:-

1. અમદાવાદ પોલીસ કમિશનરેટ વિસ્તારમાં નીચે અપવાદમાં જણાવેલ કામગીરી કરવાના હેતુ સિવાય કોઇપણ વ્યક્તિ જાહેર રોડ ઉપર પસાર થવા અને અવર-જવર કરવા ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.
2. અમદાવાદ પોલીસ કમિશનરેટ વિસ્તારમાં સક્ષમ અધિકારીશ્રીની પરવાનગી વગર અનઅધિકૃત/ ગેરકાયદેસર રીતે ચાર કે ચારથી વધુ વ્યક્તિઓએ એકસાથે પોલીસ કમિશનરેટ વિસ્તારમાં કોઈપણ જાહેર જગ્યાએ સોશીયલ ડિસ્ટન્સ જાળવ્યા સિવાય એકઠા થવાં પર પ્રતિબંધ મુકવામાં આવે છે, તથા તમામને માસ્ક પહેરવાનું ફરજીયાત છે.
3. અમદાવાદ પોલીસ કમિશનરેટ વિસ્તારમાં જાહેર સ્થળોએ સક્ષમ સત્તાધિકારીની પૂર્વ પરવાનગી વગર કોઈપણ પ્રકારના સભા/સરઘસ/સંમેલન/મેળાવડા કે લોકમેળા કે જે પ્રસંગે મોટી સંખ્યામાં લોકો એકત્રિત થાય તેવા કોઈ આયોજન કરવા નહિ કે આવા આયોજનમાં વિશાળ સંખ્યામાં લોકોએ હાજર રહેવું નહિ.
4. મોલ/મલ્ટીપ્લેકસ/ સિનેમાં અને નાટ્યગૃહો/ જીમ/સ્પોર્ટસ કોમ્પલેક્ષ/ સ્વિમિંગપુલ/ ડાન્સ કલાસીસ/ ગેઈમઝોન/કલબહાઉસ/એમ્યુઝમેન્ટ પાર્ક/ પાર્ટીપ્લોટ/ મેરેજહોલ/ લગ્નવાડી/ હાટબજાર અને જ્યાં મોટી સંખ્યામાં લોકોની અવર-જવર થતી હોય તેવાં તમાંમ સ્થળો જાહેર જનતા માટે બંધ રાખવા.
5. રાજ્ય સરકારશ્રી દ્વારા મંજુરી આપવામા આવેલ હોય તે સિવાયની તમામ પ્રકારની શૈક્ષણિક સંસ્થાઓ/ટ્યુશન/કોચિંગ ક્લાસ વગેરે જ્યાએ તમામ શૈક્ષણિક કાર્યો બંધ રાખવા.
6. શૈક્ષણિક કામગીરી સાથે સંકળાયેલ સરકારી તથા ખાનગી હોસ્ટેલ તાત્કાલિક અસરથી બંધ કરવી.
7. પોલીસ કમિશનરેટ વિસ્તારમા આવેલ જાહેર બાગ બગીચાં તથા ધાર્મિક મેળાવડાઓ બંધ રાખવા.
8. પાન મસાલા ગલ્લાઓ,સીગારેટ બીડીની દુકાનો તથા આ પ્રકારની ચીજવસ્તુનુ વેચાણ કરતી દુકાનો અને જ્યાં મોટી સંખ્યામાં લોકોની અવર-જવર રહેતી હોય તેવી તમામ દુકાનો બંધ રાખવાની રહેશે.
9. તમામ હોટેલો,રેસ્ટોરેન્ટ, ખાણી પીણીના સ્થળ,મીઠાઇ-ફરસાણની દુકાન,ભોજનાલય તથા અન્ય દુકાનદારોએ **COVID-19** અંગે રાજ્યસરકાર દ્વારા બહાર પાડવામા આવેલ સુચનાઓનુ ચુસ્તપણે પાલન કરવાનુ રહેશે.
10. કોઇપણ વ્યક્તિ/સંસ્થા કોરોના વાયરસ અંગે ખોટી અફવા/માહીતી કોઇપણ પ્રકારના મિડીયા મારફત ફેલાવશે તો તે ગુનો ગણાશે અને તેમની વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામા આવશે.
11. જો કોઇ નાગરિક જાહેર થયેલ કોરોના વાયરસ પોઝીટીવ વિસ્તાર/દેશમાંથી આવ્યો હશે તો તેમણે નજીકની સરકારી હોસ્પિટલ અથવા શહેર/જિલ્લાના કંટ્રોલ રૂમ અથવા હેલ્પ લાઇન નંબર ૧૦૪ પર આ અંગે ફરજીયાત જાણ કરવાની તથા જરૂરી તમામ માહીતી આપવાની રહેશે.વહીવટી તંત્રની સુચના અનુસાર **Home Quarantine/ Isolation** પ્રોટોકોલનુ ચુસ્તપણે પાલન કરવાનુ રહેશે.જો તેમ કરવામા નહી આવે તો તેઓને ફરજીયાતપણે અમદાવાદ કમિશનરેટ વિસ્તારમા **Quarantine** વોર્ડમા ખસેડી **The Epidemic Diseases Act-1897** ની જોગવાઇ મુજબ દંડનીય અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.



Scanned by CamScanner

12. તબીબી સેવાઓ, એર એમ્બ્યુલન્સ અને સુરક્ષા કારણોસર અથવા M.H.A. દ્વારા મંજુરી આપવામાં આવેલી હોય તે સિવાયની તમામ પ્રકારની દેશવ્યાપી (ઘરેલુ) અને આંતરરાષ્ટ્રીય હવાઈ મુસાફરીઓ.
13. સુરક્ષા કારણોસર અથવા M.H.A. દ્વારા મંજુરી આપવામાં આવેલ હોય તે સિવાયની ટ્રેનો દ્વારા તમામ મુસાફરોની આવવા-ગમન.
14. M.H.A. દ્વારા આપેલ પરવાનગી સિવાયની, આંતર-રાજ્ય જાહેર બસ પરિવહન.
15. મેટ્રો રેલની સેવાઓ.
16. વ્યક્તિઓની તબીબી કારણોસર અથવા M.H.A. દ્વારા મંજૂરી આપવામાં આવેલ હોય તે સિવાયની તમામ પ્રકારના આંતર-રાજ્ય આવવા-ગમન/પરિવહન.
17. હોટ સ્પોટ અને રોગને ફેલાતો અટકાવવા માટેના નિયંત્રિત ઝોન (CONTAINMANT ZONE)માં જીવન જરૂરીયાતની વસ્તુઓ અને સેવાઓ સિવાયની આ માર્ગદર્શિકા હેઠળની મંજુર કરવામાં આવેલી પ્રવૃતિઓને પરવાનગી આપવામાં આવશે નહી.
18. **વ્યક્તિઓની સુખાકારી અને સલામતી માટેનાં પગલાં:**
    i. આવશ્યક ના હોય તેવી તમામ ગતિવિધીઓ માટે વ્યક્તિઓની અવર-જવર સાંજના કલાક 07:00 થી સવારના કલાક 07:00 દરમ્યાન સખત પ્રતિબંધિત રહેશે.
    ii. તમામ ઝોનમાં આવશ્યક જરૂરીયાતોને પહોંચી વળવા માટે તથા તબીબી/આરોગ્ય હેતુ સિવાય, 65 વર્ષથી વધુ ઉંમરના વ્યક્તિઓ, કોઈ પણ પ્રકારની માંદગી/બીમારી ધરાવતા વ્યક્તિ અને સગર્ભા સ્ત્રીઓ, તથા 10 વર્ષથી ઓછી ઉંમરના બાળકો ઘરમાં જ રહેશે.
    iii. કન્ટેનમેન્ટ ઝોનમાં,આઉટ પેશન્ટ ડીપાર્ટમેન્ટ્સ ( ઓ.પી.ડી.) અને મેડિકલ ક્લિનિક્સની મંજુરી આપવામાં આવશે નહિ. તેમ છતાં રેડ,ઓરેન્જ અને ગ્રીન ઝોનમાં સામાજિક અંતરના ધોરણો અને અન્ય સલામતીની સાવચેતી રાખીને ચાલુ રાખવાની પરવાનગી આપવામાં આવશે.

<u>-:વિસ્તાર:-</u>

**અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરેટ હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.**

<u>-:અપવાદ:-</u>

1. સંરક્ષણ કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળ, તિજોરી વિભાગ, જાહેર ઉપયોગીતા જેવી કે પેટ્રોલીયમ સીએનજી, એલપીજી, પીએનજી સહિતની સેવાઓ, ડીઝાસ્ટર મેનેજમેન્ટ, વીજ ઉત્પાદન અને ટ્રાન્સમિશન એકમ, પોસ્ટ ઓફિસ, રાષ્ટ્રીય માહિતી કેન્દ્ર, પ્રારંભીક ચેતવણી એજન્સી.
2. પોલીસ,હોમગાર્ડઝ,સિવિલ ડિફેન્સ, ફાયર એન્ડ ઈમરજન્સી સેવાઓ, ડિઝાસ્ટર મેનેજમેન્ટ અને જેલો.
3. જિલ્લા વહીવટ અને ટ્રેઝરી વિભાગ.
4. વીજળી, પાણી, સ્વચ્છતા.
5. મ્યુનિસિપલ કોર્પોરેશનના ફકત પાણીની સપ્લાય તેમજ સફાઈ જેવી આવશ્યક સેવાઓ માટે જરૂરી કર્મચારીઓ.

**પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર**

Scanned by CamScanner

6. જાહેર અને ખાનગી ક્ષેત્ર સહિતના તમામ તબીબી સંસ્થાનો અને તેમના ઉત્પાદન, વિતરણ એકમો જેવા કે ડીસપેન્સરી, કેમિસ્ટ અને તબીબી ઉપકરણોની દુકાનો, પ્રયોગશાળાઓ, કલીનીકસ, નર્સિંગ હોમ્સ, એમ્બ્યુલન્સ કાર્યરત રહેશે. તમામ મેડીકલ સ્ટાફ, નર્સ, પેરા-મેડિકલ સ્ટાફ, તથા અન્ય હોસ્પિટલ સપોર્ટ સેવાઓ માટે પરિવહનની મંજૂરી રહેશે.

7. રેશનકાર્ડની દુકાનો(જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળની દુકાનો) સહિતની દુકાનો, ખાદ્યપદાર્થો, કરિયાણાવાળા, ફળો અને શાકભાજી, ડેરી અને દૂધના બૂથ, માંસ અને માછલી,પશુ ઘાસચારાવાળા ફેરીયાઓ, તેમજ આવશ્યક ચીજવસ્તુ પહોચાડનાર હોમ ડીલીવરી કરતા માણસો.

8. બેંકો, વીમાં કચેરીઓ અને એ.ટી.એમ

9. પ્રિન્ટ અને ઈલેકટ્રોનિક મીડીયા, ન્યુઝ પેપેર્સનું પરિવહન અને વિતરણ.

10. દૂર સંચાર, ઈન્ટરનેટ સેવાઓ, પ્રસારણ અને કેબલ સેવાઓ અને આઈ.ટી આધારીત સેવાઓ.

11. પેટ્રોલ પમ્પ, એલ.પી.જી, પેટ્રોલિયમ અને ગેસ, છુટક અને સ્ટોરેજ ગોડાઉન.

12. વીજ ઉત્પાદન, ટ્રાન્સમિશન અને વિતરણ એકમો અને સેવાઓ.

13. સિકયોરિટીઝ એન્ડ એક્સચેંજ બોર્ડ ઓફ ઈન્ડીયા દ્વારા સૂચિત કેપીટલ અને ડેબ્ટ માર્કેટ સેવાઓ.

14. કોલ્ડ સ્ટોરેજ અને વેરહાઉસિંગ સેવાઓ.

15. ખાનગી સીક્યુરીટી સેવાઓ.

16. આવશયક ચીજવસ્તુઓના ઉત્પાદન એકમો તથા જે ઉત્પાદન એકમોમાં સતત પ્રક્રિયાની જરૂર પડે છે તેવા રાજય સરકારની મંજુરીથી ચાલુ રાખી શકશે.

17. આવશ્યક ચીજવસ્તુઓના પરીવહન માટેના વાહનો.

18. ફાયર વિભાગ તેમજ કાયદો અને વ્યવસ્થા અને ઈમરજન્સી સેવાઓ.

19. હોટલો,હોમસ્ટેઝ, લોજ અને મોટેલ જેમાં લોકડાઉનના કારણે અટવાયેલા પ્રવાસીઓ અને વ્યક્તિઓ રોકાયેલ છે તે ઉપરાંત જેમાં મેડિકલ અને ઈમરજન્સી સ્ટાફ, હવાઈ- દરિયાઈ સેવા માટેના સ્ટાફ રોકાયેલ છે.

20. કવોરોન્ટાઈન માટે ઉપયોગમાં લેવાયેલ સંસ્થાનો.

21. અંતિમ સંસ્કારના કિસ્સામાં, વીસ જેટલા વ્યક્તિઓ ભેગા થઈ શકે તે રીતે પરવાનગી આપી શકાશે.

22. દૂધ, કરિયાણું, શાકભાજી, જેવી જીવન જરૂરીયાત ચીજ-વસ્તુઓ ખરીદવા નીકળેલ વ્યક્તિઓ તથા દવા અને તબીબી સારવાર માટે નીકળેલ વ્યક્તિઓ.

23. કૃષી મશીનરીની દુકાનો, તેને સંબધિત સ્પેર પાર્ટસ( સપ્લાય ચેઈન સહિત) અને તેની મરામત સંબધિત દુકાનો ખુલ્લી રહેશે.

24. હાઈ-વે પરની તથા પેટ્રોલ પંપની ટ્રક રીપેરની દુકાનોને પ્રાધાન્ય આપવું.

25. ચા ઉર્ધોગ, રોપણ પ્રક્રિયામાં વધુમાં વધુ ૫૦% મજુરો રોકાયેલા હોય તે સહિત.

26. તિજોરી (ચુકવણી અને હિસાબી શાખા, નાણાકીય સલાહકાર્યો અને કંટ્રોલ જનરલ એકાઉન્ટટ ઓફીસરો સહિતનો ઓછામાં ઓછો સ્ટાફ.)

27. નેશનલ ઈન્ફોરમેટીકસ સેન્ટર.

28. બંદરો/ એરપોર્ટ/ જમીનની સીમાઓ પર કસ્ટમ કલીયરંન્સ, જીએસટીએન, અને ઓછામાં ઓછા સ્ટાફ સહિતની એમસીએ ૨૧ રજીસ્ટ્રી.

Scanned by CamScanner

29. RBI અને RBI સંચાલીત નાણાકીય બજારો અને સંસ્થાઓ જેવી કે NPCL, CCIL, પેમેન્ટ સીસ્ટમ ઓપરેટર્સ, એકલ પ્રાથમીક ડીલરો ઓછામાં ઓછા સ્ટાફ સાથે.
30. ખાંડ, મેડિકલ સાધનો, હેન્ડ સેનિટાઈઝર દવાઓ, LPG, ખાદ્ય પદાર્થો ઉત્પાદન કરતા યુનિટો તેનું વિતરણ અને તે સંબંધિત રો-મટીરીયલ વિગેરેની રાજયની અંદર તેમજ રાજ્યો વચ્ચે અને આંતર રાષ્ટ્રીય આયાત માટે મુકત પરિવહન.
31. વન કચેરીઓ: પ્રાણી સંગ્રહાલય, નર્સરીઓ, જંગલી પ્રાણીઓ, જંગલોના ફાયર ફાયટરો, વૃક્ષોની જાળવળી કરનારાઓ, પેટ્રોલીંગ અને તે માટે જરૂરી વાહનોની અવર-જવર વિગેરેનો સંચાલન અને જાળવણી માટેનો જરૂરી સ્ટાફ.
32. સામાજીક કલ્યાણ વિભાગ, ઓછામાં ઓછા સ્ટાફ સાથે, અનાથ આશ્રમ/ દિવ્યાંગો/ વયોવૃધ્ધ/ નિરાધારો/ સ્ત્રીઓ/ વિધવાઓ વિગેરેના ગૃહોનું સંચાલન કરનારાઓ, દેખરેખ ગૃહો, પેન્શન.
33. ખેતી વિષયક ચીજોની ખરીદી સાથે સંકળાયેલ સંસ્થાઓ, MSP ની કામગીરી સહિત.
34. APMC અથવા રાજય સરકારના નિર્દેશન આધારે સંચાલિત મંડીઓ.
35. માત્ર સરકારી કાર્યો માટેના ડેટા અને કોલ સેન્ટર.
36. કૃષિ મશીનરી સંબંધિત કસ્ટમ હાયરીંગ સેન્ટર.
37. કોલસા અને ખનિજોનું ઉત્પાદન, વાહન વ્યવહાર, ખનન પ્રવૃતિઓ માટેના સ્ફોટક પદાર્થોની હેરેફેર.
38. રાસાયણિક ખાતર, જંતુનાશક દવાઓ અને બિયારણોના પેકેજીંગ યુનિટ અને ઉત્પાદન.
39. રેલ્વે એરપોટ અને બંદરો પર માલસામાનની હેરેફેર માટેની પ્રવૃતિઓ, રાહત અને સ્થળાંતર અને તેને સંબધિત કાર્યરત સંસ્થાઓ.
40. ભારતીય રેડ ક્રોસ સોસાયટીઓની સેવાઓ.
41. હોસ્પિટલ્સ, વેટરનીટી હોસ્પિટલો અને તેને સંબંધિત મેડિકલ સંસ્થાઓ, તેના ઉત્પાદન અને વિતરણ યુનિટો સહિત, જાહેર અને ખાનગી બન્ને ક્ષેત્રોમાં, દવાખાનાઓ, કેમિસ્ટ, ફાર્માસીઓ,( જન ઔષધિ કેન્દ્રો સહિત) અને ફાર્માસ્યુટિકલ રિસર્ચ લેબ.
42. બેંકો, વિમા કચેરીઓ અને ATM બેંન્કીંગ ઓપરેશનના IT વેન્ડરો સહિત, બંકિંગ સંવાદદાતા અને ATM ઓપરેશન અને રોકડ વ્યકસ્થાપન એજન્સીઓ.
43. માત્ર IT અને IT આધારીત સેવાઓ (જરૂરી સેવાઓ માટે) અને શકય હોય ત્યાં સુધી ઘરેથી કામ કરવું.
44. પાવર જનરેશન, ટ્રાંન્સમીશન અને વિતરણ યુનિટો અને સેવાઓ.
45. સેબી દ્વારા નિર્દેશિત મુડી અને ડેબિટ માર્કેટ સેવાઓ.
46. ખેડુતો અને ખેત મજુરો દ્વારા ખેતરોમાં થતી ખેતીકીય પ્રવૃતીઓ.
47. આવશ્યક ચીજ-વસ્તુઓ ખાદ્ય ચીજો, ડ્રગ્સ, ફાર્માસ્યુટિઅકલ્સ અને મેડિકલ સાધનો તેના કામમાં મધ્યસ્થ વસ્તુઓ તથા પેકેજીંગ માટેના ઉત્પાદન કારખાનાઓ.
48. આયાત-નિકાસ માટે રાજયની અંદર પરિવહનનું વસ્તુ/ માલસામાન.
49. રાજયની અંદર અને આંતર રાજયમાં હારવેસ્ટિંગ અને વાવણી સંબંધિત મશીનોની હેરફેર જેવા કે સંયુકત હારવેસ્ટર અને અન્ય ખેતીકીય સાધનો.
50. પેટ્રોલીયમ પદાર્થો અને LPG,ખાદ્ય પદાર્થો, મેડિકલ સાધનો વિગેરે જરૂરી વસ્તુઓની આંતર રાષ્ટ્રીય હેરેફેર.
51. અનિવાર્ય હોય કે ના હોય તેવા તમામ માલસામાનનો પરિવહન.

પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર

Scanned by CamScanner

52. દૂધ એકત્રિકરણ, વિતરણ અને તેના તમામ માલસામાનનો પરિવહન.

53. FCI (ફુડ કોર્પોરેશન ઓફ ઈન્ડીયા) ની કચેરીઓ દ્વારા થતી પ્રવૃતિઓ, તેના દ્વારા થતી અનાજની હેરફેર અને વિતરણ અને તે સંબંધિત વાહનો.

54. વિદેશી નાગરીકો જે ભારતમાં હાલ રોકાયેલ હોય તેના સ્થળાંતર( એસ.ઓ.પી) પ્રમાણે

55. મત્સ્યઉદ્યોગનું સંચાલન કે જેમાં માછલીઓના ખોરાક અને જાળવણી, લણણી પ્રક્રીયા, પેકેજીંગ, કોલ્ડ ચેઈન, વેચાણ અને માર્કેટીંગ, હેચરીઝ, ફીડ પ્લાન્ટસ, વ્યાપારી માછલીઘર, માછલી/ ઝીંગા અને મત્સ્ય ઉત્પાદનોની હેરફેર, માછલીના બીજ અને આ તમામ કામગીરી સાથે સંકળાયેલ કામદારો.

56. આયાત/નિકાસની સેવાઓ જેવી કે પેકેજીંગ હાઉસ,બીજની માવજત અને નિરીક્ષણ તેમજ બાગાયતી ઉત્પાદનો,

57. કૃષિ અને બાગાયતી પ્રવુત્તિઓ સાથે કામ કરતી સંશોધન સંસ્થાઓ.

58. મધમાખી ઉછેરની સામગ્રી અને મધમાખી વસાહતો અને અન્ય મધમાખી ઉત્પાદનોની આંતર અને આંતર રાજ્ય હેરાફેરી.

59. વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક પુસ્તકોની દુકાનો

60. ઈલેક્ટ્રીક પંખાઓની દુકાનો

61. વન વિભાગની ઓફીસમાં વન વૃક્ષારોપણ અને તેને સંબધીત પ્રવૃતીઓ તેમજ સિલ્વીકલ્ચર નો સમાવેશ થાય છે.

62. સામાજીક ક્ષેત્રોમા વરિષ્ઠ નાગરીકોના ઘરે તેઓની સંભાળ રાખનાર તેમજ બેડ સાઇડ એટેન્ડન્ટસનો સમાવેશ થાય છે.

63. આવશ્યક ચીજ વસ્તુઓની સપ્લાયમા ફુડ પ્રોસેસીંગ એકમો જેવા કે બ્રેડ ફેક્ટરી દુધ પ્રોસેસીંગ પ્લાન્ટ્સ, અનાજ તેમજ દાળ દળવાની ઘંટી.

64. પ્રિપેઈડ મોબાઇલ કનેશન માટેનીએ રીચાર્જ સુવિધાઓ.

65. પરપ્રાતીંય શ્રમિકો અથવા અટવાયેલા પ્રવાસીઓ/ યાત્રાળુઓ/ વિદ્યાર્થીઓને ભારત સરકારશ્રી દ્વારા સમયાંતરે જારી કરવામાં આવેલા હુકમોના આધારે લાગતા-વળગતા જિલ્લા મેજીસ્ટ્રેટની પરવાનગી તથા જરૂરી તબીબી પ્રમાણપત્રોને આધારે મુસાફરી કરી શકાશે.

66. **નીચેની પ્રવૃત્તિઓને જરૂરી પ્રતિબંધો સાથે પરવાનગી આપવામાં આવશે.**

    I. મંજુરી આપવામાં આવેલ વ્યક્તિગત અને વાહનોની ગતિવિધી. ફોર વ્હીલર વાહનોમાં વાહન ચાલક ઉપરાંત ફકત એક વ્યક્તિ પાછળ બેસીને મુસાફરી કરી શકશે. તથા દ્વિચકી વાહનોમાં પાછળ બેસીને મુસાફરી અંગે મંજુરી નથી.

    II. શહેરી વિસ્તારોમાં બાંધકામ પ્રવૃત્તિઓ: ફક્ત સાઈટ બાંધકામમાં (જ્યાં કામદારો સાઇટ પર ઉપલબ્ધ હોય અને બહારથી કોઈ કામદારો લાવવાની આવશ્યકતા ન હોય) અને પુન:પ્રાપ્ય ઊર્જા અંગેના એકમોના બાંધકામની મંજૂરી છે.

    III. શહેરી વિસ્તારોમાં તમામ મોલ, માર્કેટ સંકુલ/કોમ્પ્લેક્ષ અને બજાર/માર્કેટ બંધ રહેશે, એટલે કે, નગરપાલિકા અને મહાનગરપાલિકાની હદમાં આવેલ વિસ્તારો. જો કે, માર્કેટ સંકુલ/કોમ્પ્લેક્ષ અને બજાર / માર્કેટ વિગેરેમાં આવશ્યક ચીજ વસ્તુઓ વેચાણને મંજુરી છે.

    IV. ઈ-કોમર્સ પ્રવૃત્તિઓને ફક્ત આવશ્યક ચીજ વસ્તુઓના સંદર્ભમાં જ મંજૂરી આપવામાં આવશે.



Scanned by CamScanner

V. તમામ સરકારી કચેરીઓ નાયબ સચિવના સ્તરના અધિકારીઓ અને તેથી ઉપરના 100% સંખ્યા સાથે કાર્ય કરશે. બાકીનો સ્ટાફ જરૂરિયાત મુજબ 33% સુધી હાજરી આપશે. જો કે, સંરક્ષણ અને સુરક્ષા સેવાઓ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ, પોલીસ, જેલ, હોમગાર્ડઝ, સિવિલ ડિફેન્સ, ફાયર એન્ડ ઇમરજન્સી સેવાઓ, ડિઝાસ્ટર મેનેજમેન્ટ અને સંબંધિત સેવાઓ, N.I.C., કસ્ટમ્સ, F.CI., N.C.C., N.Y.K. અને મ્યુનિસિપલ સેવાઓ કોઈપણ પ્રતિબંધ વિના કાર્ય કરશે; જાહેર સેવાઓની વિતરણ જરૂરી સ્ટાફ સાથે સુનિશ્ચિત કરવામાં આવશે.

## નોંધ

1. ભારત સરકારના તા.૦૧/૦૫/૨૦૨૦ ના આદેશ તથા ગુજરાત સરકારના તા.03/૦૫/૨૦૨૦ તથા વખતો વખતના હુકમથી આપવામાં આવેલ આદેશો તથા માર્ગદર્શક સુચનાઓનો ચુસ્ત રીતે અમલ કરવાનો રહેશે. આવશ્યક સેવાઓ અંગે કેન્દ્ર સરકાર દ્વારા વખતો વખત કરવામાં આવતા હુકમ/ માર્ગદર્શિકાઓમાં જણાવેલ બાબતો આખરી રહેશે.જે કિસ્સામાં રાજ્ય સરકાર દ્વારા મંજુરી આપવામાં આવેલ હશે તેવી માર્ગદર્શિકાઓનું પણ પાલન કરવાનું રહેશે.
2. ઉપરોક્ત તમામ બાબતો/ છુટછાટો ફરજીયાત માસ્ક પહેરવાની તથા સોશીયલ ડીસ્ટન્સીંગનું કડક અમલ કરવાની શરતે આપવામાં આવે છે.
3. મે.જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદ દ્વારા જારી કરવામાં આવેલ પાસ જે તે ગતિવિધી માટે માન્ય ગણાશે.
4. ઓદ્યોગીક એકમો બાબતે ગુજરાત સરકાર ના જાહેરનામામાં ઊલ્લેખિત 7 (ii) (b) મુજબની ગતિ વિધીઓ ઉદ્યોગ અને ખાણ વિભાગ દ્વારા જારી કરવામાં આવનાર દિશા નિર્દેશો અંતર્ગત રહેશે.

## -:શિક્ષા:-

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર **ભારતીય ફોજદારી અધિનિયમ સને-૧૮૬૦ ની કલમ ૧૮૮,** અને લાગુ અન્ય કાનૂની જોગવાઈઓ સહિત, **The Disaster Management Act, 2005** ની કલમ ૫૧ થી ૬૦ ની જોગવાઈઓ મુજબ શિક્ષાને પાત્ર થશે.

## -:જાહેર વિજ્ઞાપન:-

હું આથી આદેશ આપું છું કે, આ હુકમની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારોમાં સહેલાઇથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલ ચોંટાડી, લાઉડ સ્પીકર વાહન દ્વારા તેમજ સ્થાનિક વર્તમાન પત્રો, આકાશવાણી અને દૂરદર્શન કેન્દ્રો ઉપરથી પ્રસિધ્ધ કરાવવું.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ હેડ.કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના કોઇ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઇસમો સામે **ભારતીય ફોજદારી અધિનિયમ સને-૧૮૬૦ ની કલમ ૧૮૮,** અને લાગુ અન્ય કાનૂની જોગવાઈઓ સહિત, **The Disaster Management Act, 2005** ની કલમ ૫૧ થી ૬૦ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

**આજ તા.03/૦૫/૨૦૨૦** ના રોજ મારી સહી અને સિક્કા કરી આપેલ છે.

(આશીષ ભાટિયા)
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર

Scanned by CamScanner

**નકલ સવિનય રવાના :-**

(૧) અગ્ર સચિવશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર, ગુજરાત સરકાર.
(૨) અધિક મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૩) પોલીસ મહાનિદેશક અને મુ.પો.અધિ.શ્રી. ગુ.રા.ગાંધીનગર.
(૪) અધિક પો.મહાનિદેશકશ્રી (ઇન્ટે), ગુ.રા.ગાંધીનગર.
(૫) પોલીસ કમિશનરશ્રી સુરત, વડોદરા, રાજકોટ શહેર.
(૬) મ્યુનિસિપલ કમિશનરશ્રી, અમદાવાદ શહેર.
(૭) નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રી, દાણાપીઠ, અમદાવાદ શહેર.
(૮) કલેકટરશ્રી, અમદાવાદ શહેર.
(૯) નિયામકશ્રી માહિતી ખાતુ, ગુ.રા.ગાંધીનગર.
(૧૦) સંયુક્ત માહિતી નિયામકશ્રી બેરેક નં.૩, આંબાવાડી પોલીટેકનીક, અમદાવાદ શહેર.
(૧૧) રજીસ્ટ્રારશ્રી, હાઇકોર્ટ, ગુ.રા.અમદાવાદ શહેર.
(૧૨) રજીસ્ટ્રારશ્રી, સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર.
(૧૩) રજીસ્ટ્રારશ્રી, સેશન્સ કોર્ટ, મીરજાપુર, અમદાવાદ શહેર.
(૧૪) ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદ શહેર.
(૧૫) સિનિયર સરકારી વકીલશ્રી, અમદાવાદ શહેર.
(૧૬) ખાસ/સંયુક્ત/અધિક પોલીસ કમિશનરશ્રી,સેકટર-૧,૨/ક્રાઇમ બ્રાન્ચ/મુખ્ય મથક/ટ્રાફીકશાખા,
(૧૭) મેનેજરશ્રી, ગવર્મેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા તરફ ગેજેટ ભાગ-૧માં પ્રસિધ્ધ કરવા સારૂ તેમજ પાંચ નકલો અત્રે વિશેષ શાખાને મોકલી આપવી. અ,વાદ શહેર.
(૧૮) તમામ નાયબ પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેર.
(૧૯) નાયબ પોલીસ કમિશનરશ્રી(ઇન્ટે.), અમદાવાદ શહેર.
(૨૦) તમામ મદદનીશ પોલીસ કમિશનરશ્રીઓ, અમદાવાદ શહેર.
(૨૧) જનસંપર્ક અધિકારીશ્રી, (સ્થાનિક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી જાહેરાત કરવા )
(૨૨) તમામ પો.ઇન્સ.શ્રીઓ અમદાવાદ શહેર.(જાહેર જગ્યાઓએ નકલો ચોંટાડી લાઉડ સ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂ)
(૨૩) મ.પો.કમિ.શ્રી એસ.ઓ.જી.,અમદાવાદ શહેર.
(૨૪) પો.ઇન્સ.શ્રી રેલ્વે એસ.ઓ.જી, કાલુપુર રેલ્વે. સ્ટેશન, અમદાવાદ શહેર.
(૨૫) પો.ઇન્સ.શ્રી અમદાવાદ રેલ્વે પો.સ્ટે.
(૨૬) પો.સબ.ઇન્સ.શ્રી સાબરમતી રેલ્વે પો.સ્ટે.
(૨૭) **PRO, C.P. Ahmedabad website પર twitter handle ઉપર Social Media પર પ્રસિધ્ધ થવા બાબત**

પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર

Scanned by CamScanner